આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

આપણા ઉત્કેરાટનો પ્રત્યેક ઘા અંતે તો આપણને જ ઘાયલ કરે છે
- ડોંગરેજી

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૨૫૨ | ૨૩ નવેમ્બર, ૨૦૧૩, શનિવાર; કારતક વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

શ્રી પી. કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ દ્વારા પ્રેરીત
વિવેકાનંદ કેરીયર એકેડેમી
ગાંધીનગર
GPSC ક્લાસ 1-2
PSI તથા ક્લાર્કની
સ્પર્ધાત્મક પરીક્ષાના તાલીમ વર્ગો
સ્થળ : શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ,
સેક્ટર-૭, બસ સ્ટેશનની સામે, ગાંધીનગર
મો. 9428415401
પ્રવેશ વ્યાખ્યાન : તા. ૧/૧૨/૨૦૧૩

## ગાંધીનગરમાં મતદાર જાગૃત્તિ અભિયાન

### પહેલી ડિસેમ્બરે બે રૂટ પર સાયકલયાત્રા અને ઘ-૪ પર કેન્ડલ માર્ચ યોજાશે : લોકસભા ચૂંટણી પૂર્વેનું પગરણ અભિયાન છેડાશે

ગાંધીનગર, તા. ૨૨

આગામી લોકસભાની ચૂંટણી માટે મતદાર જાગૃત્તિ અભિયાન અંતર્ગત ગાંધીનગર શહેરમાં ૧લી ડિસેમ્બર-૨૦૧૩ના રોજ બે રૂટ પર સાયકલયાત્રા તેમજ આજ દિવસે સાંજે ૬ વાગે ઘ-૪ સર્કલથી મહાત્મા મંદિર સુધી કેન્ડલ માર્ચનું આયોજન કરવામાં આવ્યું છે.

જિલ્લા કલેક્ટર શ્રી પી. સ્વરૂપના અધ્યક્ષપદે મળેલી બેઠકમાં સાયકલયાત્રા માટેના બે રૂટ તથા કેન્ડલ માર્ચના આયોજનને આખરી ઓપ આપવામાં આવ્યો હતો.

નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી આઈ.આર. મનસુરીના જણાવ્યા પ્રમાણે સાયકલયાત્રા સવારે ૮ વાગે બન્ને રૂટ પર એક સાથે શરૂ થશે. આ યાત્રાનો રૂટ સાત કિ.મી.નો છે. આ સાયકલયાત્રાને અંતે યાત્રિક વિદ્યાર્થીઓનો લકી ડ્રૉ કરી ૨૨ જેટલા વિદ્યાર્થીઓને પુરસ્કારમાં સાયકલ આપવામાં આવશે.

આ યાત્રાના યાત્રિકો માટે ખાસ ડ્રેસ કોડ પણ નિયત કરવામાં આવશે તેવા સ્પષ્ટ નિર્દેશ તેમણે આપ્યા હતા.

સાયકલ યાત્રાનો પ્રથમ રૂટ વિધાનસભાથી શરૂ થઈ ચ-૩, ગ-૨, માધ્યમિક શાળા સે. ૧૨, મહાત્મા મંદિર થઈ અને ટાઉનહોલ ખાતે આવશે અને ત્યાં સંપન્ન થશે. બીજા રૂટ વિધાનસભાથી શરૂ થઈ ચ-૫, ચ-૬, ઘ-રોડ થઈ સે. ૨૪ ચોકડી થઈ સરકારી આર્ટસ કોલેજ થઈ ટાઉનહોલ આવશે. ટાઉનહોલ ખાતે યાત્રિક વિદ્યાર્થીઓનો લકી ડ્રૉ જિલ્લા કલેક્ટરશ્રીના અધ્યક્ષપદે યોજાશે અને ૨૨ વિદ્યાર્થીઓને ઈનામો તરીકે સાયકલો અપાશે.

શ્રી મનસુરીએ જણાવ્યું હતું કે સાયકલયાત્રામાં ૩ હજાર જેટલા યુવાનો જોડાશે. આ માટેનું સંપૂર્ણ આયોજન તૈયાર કરી દેવામાં આવ્યું છે.

આ જ દિવસે સાંજે ૬ વાગે એક કેન્ડલ માર્ચનું આયોજન કરાયું છે જે સાંજે ૬ વાગે ઘ-૪ના સર્કલથી શરૂ થઈ મહાત્મા મંદિર થઈ પુનઃ ઘ-૪ના સર્કલ પર સંપન્ન થશે. આ કેન્ડલ માર્ચ ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના સૌજન્યથી યોજવામાં આવનાર છે. આ કેન્ડલ માર્ચમાં એક હજાર જેટલા જાગૃત નાગરિકો જોડાશે તેમ હાલ અંદાજ હોવાનું તેમણે જણાવ્યું હતું.

લોકસભાની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે ત્યારે તંત્રએ તેની તૈયારી માટેની કવાયત પણ ધીમી ગતિએ આરંભી દીધી છે. પ્રથમ તબક્કામાં મતદાર જાગૃતિ અભિયાન છેડ્યા બાદ તંત્રની કવાયતમાં ગતિ આવશે તેમ મનાઈ રહ્યું છે.

## મુખ્યમંત્રીની સુરક્ષાને પગલે કેનાલ વિસ્તારમાં તપાસ : પોલીસ એલર્ટ મોડમાં!

### પોલીસના ઉચ્ચ અધિકારીઓ તેમજ બોમ્બ ડિસ્પોઝેબલ સ્કોવોર્ડની ટીમે બ્રિજ નીચે પણ ઝીણવટભરી તપાસ કરી

ગાંધીનગર, તા. ૨૨

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની સુરક્ષા વ્યવસ્થાને લઈ પોલીસ તંત્ર વધુ એલર્ટ મોડમાં આવી ગયું છે. પી.એમ. પદના ઉમેદવાર મોદીની સુરક્ષા સઘન બનાવવા પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીઓએ જરુરી રૂટમાં સલામતીને સ્પર્શતા પરિબળો અંગે ઉંડાણપૂર્વક તપાસ હાથ ધરવા બે દિવસથી ટીમ કામે લગાડી છે. મંત્રી નિવાસથી લઈ એરપોર્ટ સુધીના રૂટમાં સ્થિત કેનાલ વિસ્તારમાં પોલીસ અધિકારીઓએ ખાસ તપાસનો દૌર આરંભ્યો છે. રૂટમાં સ્થિત બ્રિજ નીચે કે આસપાસ કોઈ શંકાસ્પદ વસ્તુ છે કે કેમ તે ચકાસવા પણ પોલીસ તેમજ બોમ્બ ડિસ્પોઝેબલ સ્કોવોર્ડના અધિકારીઓએ સ્થળ નિરિક્ષણના અંતે ઝીણવટભરી તપાસ કરી હતી.



રાજયના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને પી.એમ. પદના ઉમેદવાર તરીકે જાહેર કરાયા બાદ દેશના વિવિધ રાજયોમાં રેલી અને સભાઓમાં તેમની હાજરી રહેતી હોવાથી સલામતીનો મુદ્દો મુખ્ય બન્યો છે. આવા સંજોગોમાં મંત્રી નિવાસથી લઈ એરપોર્ટની અવર જવર

● અનુસંધાન પાન-૭ પર

HANDICRAFT & HANDLOOM EXPO
An opulent show of ethnic & traditional silk, cotton, handloom & handicraft products made by master artisans & weavers from all over India...
23 NOV. TO 8 DEC.
SAYYAR GARBA GROUND, SECTOR-6, NEAR PETROL PUMP, GANDHINAGAR
DISCOUNT 50% up to
Products on Display
•Matka Silk •Kolkata Jute Bag •Banarasi Silk
•Munga Silk •Arey Silk •Tussar Silk •Kantha Silk
•Baluchari Silk •Rajasthani •Wooden Furniture
•Saree •Pottery •Jute •Jewelry •Dress material
•Shawls •Kurti & Top •Brasswares •Terracotta
ENTRY / PARKING FREE
ORGD. BY: R.R.M.K.G.S., R/O BY: MINISTRY OF TEXTILES GOVT. OF INDIA CONTACT: 09719766176, 09326774100

WORLD BIG Cinemas




R World BIG Cinemas, Ahmedabad-Mehsana Highway, Adalaj
Gori Tere Pyar Mein (U/A) - 9.00 am, 12.15 & 6.45 pm
Singh Saab The Great (U/A) - 10.00 am, 3.30 & 10.00 pm
Ram Leela (U/A) - 1.00, 4.00, 7.00 & 10.15 pm *schedule subject to change
telebooking 09601553030
www.bigcinemas.com
facebook.com/BigCinemasIndia

